## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... બધો જ દારૂ પકડી ન લો... તમે જ કહો... કોને મત આપવો એ આ વખતે પીધા વગર નક્કી થાય એમ છે...???

# સે. ૨૨ના કોંગ્રેસ કાર્યાલયમાં કાર્યકરો દ્વારા રાત્રે તોડફોડ





ગાંધીનગર, તા. ૨૭ ગાંધીનગર જિલ્લામાં કોંગ્રેસના ઉમેદવારોની પસંદગીના મુદ્દે રોષે ભરાયેલા કાર્યકરોએ જિલ્લા કોંગ્રેસની સે. ૨૨ની કચેરી ખાતે ભારે તોડફોડ કરી અને વિરોધ વ્યક્ત કર્યો હતો.

મોડી રાત્રે ગાંધીનગર (૬) અને માણસા બેઠક પર કાર્યકરોની પસંદગીના ઉમેદવારોની પસંદગી ના થતાં કાર્યકરોમાં રોષ ચરમસીમાએ પહોંચ્યો હતો.

ગાંધીનગર (૬) બેઠક પરથી હિમાંશુ પટેલની બાદબાકી કરવામાં આવી રહી હોવાના સમાચારો વહેતા થતાં જ કાર્યકરોએ કાર્યાલય પાસે આવી ગેહલોત તેમજ વર્ષાતાઈ ગાયકવાડના પુતળાઓનું દહન કરી સૂત્રોચ્ચાર કર્યો હતો.

માંડ-માંડ મામલો શાંત થયો ત્યાં જ માણસાની બેઠક પર પૂર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોરને બદલે પૂર્વ ધારાસભ્ય સુરેશ પટેલની પસંદગી થઈ રહી હોવાની વાતથી કાર્યકરો ઉશ્કેરાયા હતા અને આ સાથે જ કાર્યકરોનો રોષ ભભૂકી ઉઠ્યો હતો અને જિલ્લા કાર્યાલયની બારીઓના કાચ તેમજ ફર્નિચરની તોડફોડ કરી હતી.

કાર્યકરોએ કરેલી તોડફોડને પગલે આસપાસના રહીશો પણ રાત્રે ઊંઘમાં ખલેલ પડતાં ટોળે વળી ભેગા થયા હતા. મોડી રાત સુધી ચાલેલી તોડફોડ પછી કેટલાક આગેવાનોની સમજાવટ બાદ કાર્યકરો કાર્યાલય છોડી જતા રહ્યા હતા.

જિલ્લામાં ગાં. (૭) અને ગાંધીનગર (૬) બેઠક પર સવાર સુધી કશ્મકશ ચાલી હતી. જો કે દહેગામ અને કલોલની બેઠક પર રાજ્યસભાની ચૂંટણીમાં પક્ષ માટે વફાદારી દાખવનાર બન્ને સભ્યોની પુનઃ પસંદગી કરવામાં આવી છે. જો કે જિલ્લામાં ઉમેદવારોની પસંદગીને લઈ કાર્યકરોમાં ભારે નારાજગી જોવા મળી હતી.

### એનઆઈસીએમના વિદ્યાર્થીઓ આઈઆઈએમ અમદાવાદની મુલાકાતે

ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમાન ચ-૦ સર્કલ પર સ્થિત જયરામ પટેલ ઈન્સ્ટિટયુટ ના એમબીએના વિદ્યાર્થીઓએ આઈઆઈએમ અમદાવાદની મુલાકાત લીધી હતી. એનઆઈસીએમના વિદ્યાર્થીઓએ અમદાવાદ મુલાકાત લેવા જવા માટે ખુબ ઉત્સાહ દર્શાવ્યો હતો. આઈઆઈએમના અમદાવાદના અધિકારી રાકેશકુમારે સ્ટુડન્ટને આવકાર આપી બોલાવ્યા હતા. આઈઆઈએમનું ભવ્ય કેમ્પસ, લાઈબ્રેરી, તથા વિવિધ ફેસેલીટીસ જોઈને વિદ્યાર્થીઓ દંગ રહી ગયા હતા. આઈઆઈએમના વિદ્યાર્થી વિનોદ વર્ગીસે વિદ્યાર્થીઓની સાથે આવી ઘણી બધી વસ્તુઓ સમજાવી હતી.

# ગાંધીનગર ઉતરમાં એનસીપીમાંથી રોહિત નાયાણી ચૂંટણી મેદાનમાં

ગાંધીનગર, તા.૨૭ ગુજરાતમાં બીજા તબક્કાની ચુંટણી માટે ઉમેદવારી પત્ર ભરવા માટે આજે ઉમેદવારોનો છેલ્લો દિવસ હતો. ગાંધીનગર કલેકટર કચેરી ખાતે સવારથી જ ભારે ચહલ પહલ જોવા મળી હતી. કલેકટર કચેરી આસપાસ વિવિધ પાર્ટીના રાજકીય કાર્યકરો જ નજરે પડી રહ્યા હતા. ગાંધીનગર ઉતર બેઠક પર સૌ કોઈની નજર મંડરાયેલી હતી. પરંતુ ભારતીય જનતા પાર્ટીએ અશોક પટેલ સીટીંગ એમએલએને ટીકીટ આપી હતી. જયારે કોંગ્રેસમાંથી સી.જે.ચાવડાએ ઉમેદવારી નોંધાવી છે. ત્યારે અન્ય રાજકીય પાર્ટીના ઉમેદવારોએ પણ ઉમેદવારી નોંધાવી છે. જેમાં ગાંધીનગર શહેરના યુવાન અને થનગનાટ સંસ્થાના પ્રમુખ તેવા રોહિત નાયાણીએ ગાંધીનગર ઉતર બેઠક પર નેશનલ કોંગ્રેસ પાર્ટી (એનસીપી)માંથી ઉમેદવારી નોંધાવી છે. આ સમયે તેમની સાથે તેમના ટેકેદારો તેમજ એનસીપી જિલ્લા પ્રમુખ હિમાંશુ ભચેચ હાજર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે રોહિત નાયાણીએ પણ ભાજપમાંથી આ બેઠક પર પોતાની દાવેદારી નોંધાવી હતી. ગાંધીનગર ઉતરમાં પણ ત્રિપાખીયો જંગ ખેલાશે. તેવી જ રીતે ગાંધીનગર જિલ્લાની કલોલ બેઠક પર એનસીપીમાંથી કરશનજી ઠાકોરે ઉમેદવારી પત્ર કલોલ ખાતે ભર્યુ હતું.કલોલ બેઠક પર ઠાકોર સમાજનું પ્રભુત્વ ધરાવે છે. ગત્ ચુંટણીમાં ભાજપના અતુલ પટેલ સામે કોંગ્રેસના બળદેવજી ઠાકોર માત્ર ૩૪૩ જેટલા નજીવા મતે વિજેતા થયા હતા. ત્યારે આ ચુંટણીમાં ફરીવાર બંન્ને મહારથી સામસામે ટકરાશે. ત્યારે આ ચુંટણીમાં એનસીપીના કરશનજી ઠાકોર પણ ઠાકોરના સમાજમાં પ્રભુત્વ ધરાવતા હોવાથી તેઓ નિર્ણાયક સાબિત થઈ શકે છે.




## બ્રહ્માકુમારીઝના સે. ૨૮ કેન્દ્ર ખાતે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન

પ્રજાપિતા બ્રહ્માકુમારી સેક્ટર-૨૮ ખાતે તા. ૩ ડિસેમ્બર રવિવારે સવારે ૮ થી બપોરે ૧ દરમ્યાન સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિઃશુલ્ક કેમ્પમાં શહેરના જાણીતા ડૉક્ટર ડૉ. યજ્ઞેશ ત્રિવેદી, ડૉ. હાર્દિક તલાટી, ડૉ. મેશ્વા ત્રિવેદી, ડૉ. ધર્મિષ્ઠા પટેલ, ડૉ. દિપાંજલિ પટેલ, ડૉ. પરેશ વણકર, ડૉ. બિમલ મોદી, ડૉ. રાજેન્દ્ર વસોયા, ડૉ. મહેન્દ્ર ચૌધરી, ડૉ. અમી પટેલ, ડૉ. નિરવ ઠાકર, ડૉ. ચતુર પટેલ, ફિઝીયોશનેમ આયુર્વેદિક, ડે. ટીસ્ટ, આર્ક કેમ્પ, ડાયાબીટીશ, બી.પી., ઓર્થો,ની તપાસની સેવાઓ આપશે તેમજ જનરલ પ્રેકટીશનર ડૉ. જીજ્ઞાસા પરમાર સેવા ઓપશે.

આ સાથે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તથા ઈન્ડિયન રેડક્રોસના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કેમ્પમાં આયોજનમાં યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ, કૌશલ્ય ગ્રુપ, જી.ઈ. ક્લબ અને તસવીરે ગાંધીનગરનો સહયોગ પ્રાપ્ત થયો છે. નગરની જનતાને આ નિઃશુલ્ક કેમ્પનો લાભ લેવા આયોજકો તરફથી વિનંતી કરવામાં આવી છે.

## જિલ્લાની પાંચેય બેઠકો પર ભાજપના ઉમેદવારો ઉત્સાહભેર ફોર્મ ભર્યા

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો પર આજે બન્ને પક્ષોના ઉમેદવારોએ પત્રો ભર્યા હતા. ભાજપના ઉમેદવારોએ પણ પાંચેય બેઠકોપર જુસ્સાભેર ઉમેદવારી નોંધાવી હતી. જેમાં ગાંધીનગર ઉત્તરમાંથી અશોક પટેલ, દક્ષિણમાંથી શંભુજી ઠાકોરે ઉમેદવારી નોંધાવી હતી. બન્ને રીપીટ ઉમેદવારોને પક્ષે સ્થાન આપતા ફોર્મ ભર્યુ હતુ. જયારે કલોલની બેઠક પર ડો અતુલ પટેલે ભાજપમાંથી ઉમેદવારી પત્ર ભર્યુ હતુ. આ ઉપરાંત માણસામાંથી અમિત ચૌધરી અને દહેગામમાંથી બલવંતસિંહ ચૌહાણને ટીકીટ અપાતા ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ઉમેદવારી નોંધાવી હતી.

## ઉત્તરની બેઠક પર અશોક પટેલની જીત નિશ્ચિત : વાડીભાઈ પટેલ

ભારતીય જનતા પાર્ટીએ સમગ્ર ગુજરાતમાં વિકાસના અનેકવિધ કામો કર્યા છે. જયારે પ્રજા પણ વિકાસના કામોને ધ્યાને લઈ ભાજપના ઉમેદવારોને જંગી બહુમત આપી ચુંટી લાવશે. ગાંધીનગર ઉત્તરની બેઠક પર ગત ચુંટણીમાં પણ ભાજપના ઉમેદવારને પણ મતદારોએ વિજેતા બનાવ્યા હતા. જયારે આગામી ચુંટણીમાં પણ ભાજપનો વિજય નિશ્ચિત છે. વિકાસની સાથે શહેરના પ્રશ્નોને વાચા આપવામાં પણ ભાજપની સરકારે બનતા બધા જ પ્રયાસો કર્યા છે. ઉત્તરના ઉમેદવાર અશોક પટેલને મતદારો ખોબે મત આપી વિજેતા બનાવશે.

## ગાંધીનગરમાં ઉમેદવારીપત્રોની સાથે સાથે

- કલેકટર કચેરી ખાતે સવારથી જ કાર્યકરો ઉમટી પડ્યા હતા.
- તંત્ર દ્વારા કલેકટર કચેરી ખાતે વાહનનો ખડકલો ન થાય તે માટે કચેરીની બહાર બંન્ને બાજુ બેરીકેટસ મુકીને માર્ગ બંધ કરી દેવાયા હતા.તેમજ કલેકટર કચેરીમાંથી બાજુમાં આવેલ કચેરીના રસ્તા પણ બંધ કરાયા હતા.
- ઉમેદવારોની સાથે માત્ર ગણતરીના કાર્યકરોને જ અંદર કલેકટર કચેરી ખાતે પ્રવેશ આપવામાં આવ્યો હતો. જયારે ફોર્મ ભરવા જવા માટે તો માત્ર ચાર ટેકેદારોને જ પ્રવેશ આપવામાં આવ્યો હતો.
- ગાંધીનગર ઉતર અને દક્ષિણ બેઠકના ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ ગાંધીનગર કલેકટર કચેરી ખાતે ફોર્મ ભર્યા હતા.
- જયારે કલોલના ઉમેદવારોએ કલોલ, માણસાના ભાજપના ઉમેદવારે માણસા ખાતે જયારે કોંગ્રેસના ઉમેદવાર સુરેશભાઈ પટેલે ગાંધીનગરથી ઉમેદવારી નોંધાવી હતી. દહેગામ બેઠકના ઉમેદવારોએ દહેગામ



ખાતે ઉમેદવારી નોંધાવી હતી.
- સુરેશ પટેલ ૧૨.૧૦ વાગે કલેકટર કચેરીએ કાર્યકરો સાથે ફોર્મ ભરવા માટે આવી પહોંચ્યા હતા.
- કલેકટર કચેરી ખાતે સવારથી જ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.
- ભાજપના ધારાસભ્ય અશોક પટેલ વિજય મુર્હત ૧૨.૩૯ વાગે ફોર્મ ભરવા આવી પહોંચ્યા હતા.
- અશોક પટેલની સાથે હજ્જારો કાર્યકરો અને ડીજેના તાલે નાચ-ગાન કરતા આવ્યા હતા.
- ઉમેદવારોએ ફોર્મ ભરતા કાર્યકરોએ ફટાકડા ફોડી આંતશબાજી કરી હતી.
- દક્ષિણ બેઠકના ઉમેદવાર ગોંવિદજી સોલંકીએ ડમી ઉમેદવારમાં પોતાના પત્નિનું ઉમેદવારી પત્ર રજુ કર્યુ હતું. પરંતુ ઉંમર ૨૪ વર્ષ જ જોતા જ અધિકારીએ ફોર્મ સ્વીકારવાની ના પાડી દીધી હતી.
- દક્ષિણ બેઠક પર કોંગ્રેસના પ્રબળ દાવેદાર હિમાંશુ પટેલને ટીકીટ ન મળતા તેઓ એનસીપીમાંથી ઉમેદવારી નોંધાવે છે તેવા મેસેજ કલેકટર કચેરી ખાતે ફરતા થયા હતા. તેવી જ રીતે કોંગ્રેસના અગ્રણી નિશિતભાઈને પણ ઉતર બેઠક પરથી ટીકીટ ન મળતા તે પણ અપક્ષ ઉમેદવારી નોંધાવવા આવી રહ્યા છે તેવી ચર્ચાઓ ચાલી રહી હતી.
- ભાજપના ઉમેદવારની સાથે આઈ.કે.જાડેજા તેમજ મનપાના મનુભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષ દવે, સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.
- ઘ માર્ગ પર દિવસ દરમિયાન ભારે ટ્રાફિક જામની અવ્યવસ્થા સર્જાઈ હતી.
- સવારથી ૧૧ કલાકથી શરુ થયેલ ચુંટણીનો જંગ બપોરના ૩ કલાકે સમાપન થયું હતું.
- ભાજપ, કોંગ્રેસ, સહિત, લોકવિકાસ મંચ, ઓલ ઈન્ડીયા હિન્દુસ્તાન કોંગ્રેસ પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, આપની સરકાર પાર્ટી,જન સત્યપથ પાર્ટી, જનતા દળ (યુ), શિવસેના, બહુજન મુકિત પાર્ટી ઉમેદાવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે.

### ઉદાસીન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રાસવાદી હુમલા અને અન્ય તમામ મુદ્દા ઉપર કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસને હાર દેખાઈ રહી છે જેથી તેમને ઊંઘ આવી રહી નથી. ખોટા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. ૨૨ વર્ષનો હિસાબ લોકો માંગી રહ્યા છે. આવા પ્રશ્નના જવાબમાં મોદીએ કહ્યું હતું કે, અમે ભલ ભલાને મંદિર જતાં કરી દીધા છે. મોદીએ કહ્યું હતું કે, ગુજરાતીઓને યુપીમાં ગધેડા કહેવામાં આવ્યા હતા. ગધેડાના પગ પકડવાની હવે કોંગ્રેસને ફરજ પડી રહી છે પરંતુ ગુજરાતી લોકો વીણી વીણીને હિસાબ કરવા માટે ટેવાયેલા લોકો છે. ગુજરાત અંગે માહિતી આપતા તેમણે કહ્યું હતું કે, ૨૨ વર્ષમાં ગુજરાતમાંથી કર્ફ્યુને હંમેશ માટે મુક્તિ અપાવી દીધી છે. ઉમેદવારો કમળ સાથે સ્ટેજ ઉપર પહોંચ્યા હતા. મોદીએ પોતાના ભાષણની શરૂઆત તમામ ઉમેદવારોના નામ સાથે કરી હતી. ગામડાના લોકો પણ હવે વારસામાં ગરીબી આપવા માટે ઈચ્છુક નથી. કોંગ્રેસની સરકાર અને ભાજપની સરકારમાં દિનરાતનું અંતર રહેલું છે. ૯મી તારીકે ભાજપનું બટન દબાવી દરેક બુથ પરથ કોંગ્રેસને વિદાય આપવાની આક્રમક રજૂઆત મોદીએ કરી હતી. વિકાસ અંગે વાત કરતા મોદીએ કહ્યું હતું કે, આ ભુખ સતત જાગવી જોઈએ. પ્રયાસો સતત થવા જોઈએ. કોંગ્રેસ હતાશામાં છે. નર્મદા મુદ્દે મનમોહનસિંહે હમેશા જુઠ્ઠાણુ ફેલાવ્યું હતું. આ દરિયા કિનારા માટે ૭૦ વર્ષ સુધી વિકાસની ક્યારેય વાત થઈ ન હતી. મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, કોંગ્રેસને જ્યાં પણ તક મળી ત્યાં ભ્રષ્ટાચાર થયા હતા. કોંગ્રેસે ૭૦ વર્ષ સુધી ભ્રષ્ટાચારનો ખેલ ખેલ્યો હતો. કોંગ્રેસનો સિદ્ધાંત છે કે, કરવું નથી, કરવા દેવું નથી. પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ મોરારજી દેસાઈને રાતોરાત કાઢી મુક્યા હતા. મોરારજી દેસાઈએ પોતે આ અંગેની કબૂલાત કરી હતી. મોરારજી દેસાઈનો ભોગ લેવા માટે જ બેંકોના રાષ્ટ્રીયકરણનું નાટક કરવામાં આવ્યું હતું. પોતાની સરકારની સિદ્ધિઓની વાત કરતા તેમણે કહ્યું હતું કે, જનધન ખાતામાં ૬૭ હજાર કરોડ રૂપિયા જમા થયા છે. બે કરોડ લોકો પાસે રુપેકાર્ડ આવ્યા છે. કોંગ્રેસને ગુજરાત ક્યારેય ખપતું નથી. કોંગ્રેસને ગુજરાત માટે હમેશા નફરત રહી છે. સરદાર વલ્લભભાઈ પટેલ, મોરારજી દેસાઈ સાથે પણ આવું જ વર્તન કરાયું હતું. પોતાની વિકાસ કામગીરીની વાત કરતા મોદીએ કહ્યું હતું કે, ૨૪ કલાકમાં વિજળી આપવાની વાત કરી હતી અને આપી પણ દીધી છે. મુશ્કેલ કામો કરવામાં આવી રહ્યા છે.



કડી સર્વ વિદ્યાલય સંચાલિત એમ.બી. પટેલ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલ ખાતે શનિવારે 'પેરેન્ટ ટીચર્સ મીટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે પ્રથમ વખત વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે વર્ગ શિક્ષક તેમજ વિષયના શિક્ષક સાથે સંવાદ થાય, બાળકોનો વધુ શૈક્ષણિક વિકાસ થાય તેમજ ઈતર પ્રવૃત્તિ ને વધુ વેગ મળે તે હેતુસર સીધી જ ચર્ચા કરવામાં આવી હતી. તે સાથે શાળાકીય પ્રવૃતિઓમાં 'મીડીયા અહેવાલ'ને પણ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેને પરિણામે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં એક નવી જ સમજને અવકાશ મળ્યો હતો. ત્યારબાદ આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન અને શૈક્ષણિક સ્ટાફ સાથે પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં વાલીઓના સજેશન્સ અને શાળાને હજુ વધુ નવા આયામો સુધી લઈ જવાની તૈયારી બતાવી હતી.

### થીજી ગયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારની ૧૪ ટ્રેનોની સેવા પહેલી ડિસેમ્બરથી ૧૩ ફેબ્રુઆરી સુધી બંધ રાખવા નિર્ણય કરતા આ વિસ્તારના યાત્રિકોની મુસીબતમાં વધારો થયો છે. રેલવે વિભાગે ગાઢ ધુમ્મસના કારણે બરેલી પ્રયાગ ઈન્ટરસિટી અને બનારસ-દહેરાદૂન જનતા એક્સપ્રેસ , વારાણસી-બરેલી એક્સપ્રેસ, ફૈઝાબાદ ઈન્ટરસીટીને પહેલી ડિસેમ્બરથી ૧૩ ફેબ્રુઆરી સુધી બંધ રાખવા નિર્ણય લેવાયો છે. આ બંને ટ્રેનો દર બુધવાર અને ગુરુવારે બંધ રહેશે. હિમાચલ પ્રદેશ સહિત ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનું પ્રમાણ વધી રહ્યુ છે ત્યારે આ વિસ્તારમાં જનજીવન પર તેની માઠી અસર જોવા મળી રહી છે. હિમાચલમાં ગઈ કાલે તાપમાનનો પારો શૂન્યથી નીચે જતાં આ વિસ્તારમાં અનેક સ્થળે બરફ જામી જતાં ખાસ કરીને વાહનવ્યવહાર પર તેની સ્પષ્ટ અસર જોવા મળી રહી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી બે ત્રણ દિવસ તાપામાનનો પારો હજુ થોડો નીચે ઉતરે તેવી સંભાવના છે તેથી આ વિસ્તારમાં આગામી દિવસોમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળશે.

## ગાંધીનગર ઉત્તર વિધાનસભાના કોંગ્રેસ ઉમેદવાર સી.જે. ચાવડાનો ગોસ્વામી સમાજ દ્વારા ઉગ્ર વિરોધ

ગાંધીનગર, તા. ૨૭ ગાંધીનગર શહેર દશનામ ગોસ્વામી સમાજના પ્રમુખ જયેશગીરી બી. ગોસ્વામી અને સમાજ અગ્રણી, સંજયગીરી કે. ગોસ્વામી તેમજ ગાંધીનગર જિલ્લા ગોસ્વામી સમાજના પ્રમુખ જીતેન્દ્રગીરી ગોસ્વામીના જણાવ્યા મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભા કોંગ્રેસ ઉમેદવાર સી.જે. ચાવડાએ થોડા દિવસ પહેલા પોરબંદર ખાતે અર્જુન મોઢવાડીયાના ચૂંટણી પ્રચારમાં સાધુ સમાજ ગોસ્વામી સમાજને બાવા શબ્દ દ્વારા સંબોધન કર્યુ તેનો સમાજ ઉગ્ર વિરોધ કરે છે. સી.જે. ચાવડાએ કહ્યું કે સાધુ સમાજની બેઠકમાં જાઓ અને તેમને બાવા બનાવી દેશે.

સી.જે. ચાવડા દરબાર હોય એટલે હિન્દુ ધર્મના દશનામી ગોસ્વામીઓ, સાધુઓનું આ રીતે અપમાન કરે તે કોઈ સંજોગોમાં ચલાવી લેવામાં નહીં આવે. ગાંધીનગર ઉત્તરની વિધાનસભામાં દશનામી ગોસ્વામીઓ/ સાધુભાઈઓના ૬૦૦થી વધુ કુટુંબો વસવાટ કરે છે. આ ૬૦૦ પરીવારનો ગાંધીનગર શહેર દશનામ ગોસ્વામી સમાજ ઉપરાંત સમગ્ર ગુજરાત ગોસ્વામી સમાજ સી.જે. ચાવડાના બાવા શબ્દો સામે સખત વિરોધ કરે છે જો રાજપૂત સમાજ માટે પરેશ રાવલ નિવેદન કરે અને લાફો ખાઈ માફી માંગવી પડતી હોય તો સી.જે. ચાવડાને પણ જાહેરમાં માફી માંગવી પડશે. આગામી સમયમાં સમગ્ર સમાજ ગાંધીનગર ખાતે ભેગા થઈ ઉગ્ર દેખાવો કરશે.

**ઓનલાઈન જાહેર નિવિદા નં.૧૬**
**સને ૨૦૧૭-૧૮**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં. 'એ', પ્રથમ માળ, ગાંધીનગર - ૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૫૯૪૭૪) દ્વારા ગાંધીનગર ખાતે વિજળીકરણના ૧ (એક) કામના ઓનલાઈન ટેન્ડર જેની અંદાજીત રકમ રૂ. ૨૬૧૩૪૭.૬૦ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા વિદ્યુત ઠેકેદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

આ કામના કોરા ટેન્ડરો www.nprocure.com ઉપરથી જોવા મળશે. આ સાઈટ ઉપરથી ઓનલાઈન ટેન્ડર તા. ૨૭/૧૧/૨૦૧૭થી તા. ૫/૧૨/૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાક સુધી અપલોડ / ડાઉનલોડ કરી શકાશે. છે. શક્ય હશે તો ટેન્ડર તા. ૫/૧૨/૨૦૧૭ના ૧૪.૦૦ કલાકે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ-૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, બ્લોક નં. 'એ', પ્રથમ માળ, ગાંધીનગર દ્વારા ઓનલાઈન ખોલવામાં આવશે. ટેન્ડર રૂબરૂમાં / ટપાલથી સ્વીકારવામાં આવશે નહીં.

આ કામની વિગતવાર નોટીસ પેટા વિભાગીયકચેરીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીની જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારો અને વિદ્યુત ઠેકેદારોએ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

ક્રમાંક : માહિતી/૨૨૦૧/૧૭-૧૮